# જિલ્લામાં આજથી ધો.૯ અને ૧૧ના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ

## ધો.૧૦ અને ૧૨ પછી તબક્કાવાર અન્ય વર્ગોમાં શૈક્ષણિક કાર્ય શરૂ થતાં વાલીઓમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

કોરોના મહામારીએ શૈક્ષણિક સંકુલોમાં શિક્ષણ કાર્ય બંધ કરવાની નોબત આવી હતી. અગાઉ ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શાળામાં શૈક્ષણિક કાર્ય શરૂ થયા પછી હવે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તા.૧ ફેબ્રુઆરી, સોમવારથી ધો.૯ અને ૧૧ના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થઈ રહ્યો છે જેથી શાળાઓ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિથી લાંબા સમય પછી ધમધમતી થશે. શૈક્ષણિક કાર્ય શરૂ થતાં ધો.૯ અને ૧૧ ના વાલીઓમાં ખુશાલી જોવા મળી છે.

કોરોનાના કારણે દરેક વાલીઓ ચિંતિત હતા અને પોતાના સંતાનને ઘેરબેઠાં હોમલર્નિંગ અને ઓનલાઈન શિક્ષણનો લાભ મળે તે માટે જરૂરી વ્યવસ્થા કરી આપી હતી પરંતુ ઓનલાઈન શિક્ષણમાં વિદ્યાર્થીઓ સતત મોબાઈલમાં રચ્યા પચ્યા રહેતા હોવાથી કેટલીક બિમારીના ભોગ બન્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓ માટે તો મોબાઈલ વળગણરૂપ બની ગયો હતો. જેથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ થવું જોઈએ તેવો કેટલાક વાલીઓએ જાહેરમાં સૂર પ્રગટ કર્યો હતો. ગત મહિને ધો.૧૦ અને ૧૨ ના વર્ગો શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થયા પછી મોટાભાગે કોઈપણ વિસ્તારમાંથી વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત થયો હોવાનું જણાયું ન હતું. જેથી શિક્ષણ વિભાગને મળેલા રિપોર્ટ પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા અને તેના ૧૪ તાલુકાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આજથી ધો.૯ અને ૧૧ ના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થશે. લાંબા સમય પછી ગુરૂજનો પોતાના વિદ્યાર્થીઓને શાળામાં જોઈ નવી તાજગી અનુભવી શકે છે.



# અરવલ્લીના જંગલ વિસ્તારમાં દિપડાના આતંકથી નિલગાયોના સીમાડામાં ધામા

## રાત પડે નિલગાયોનાં ટોળેટોળાં ખેતરોમાં ઉમટતાં ખેડૂતો ચોંક્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

અરવલ્લી જિલ્લાના જંગલ વિસ્તારમાં માત્ર ૧૦ દિપડા હોવાનું ગાણું વન વિભાગ છેલ્લા ઘણા સમયથી ગાઈ રહ્યું છે પરંતુ હકીકતમાં ૧૦ થી પણ વધુ દિપડા અરવલ્લીની ગીરીકંદરાઓમાં ફરતા હોવાની વિગતો ચર્ચામાં આવી છે. સરડોઈ, રામેશ્વરકંપા, છાત્રેશ્વરી, ગાબટ, પગીયાનામુવાડા, વૈયા, ભાટકોટા, રાજેન્દ્રનગરના ખેડૂતોને રાત્રે ખેતરોમાં જ રાત ગુજારવાનો વારો આવ્યો છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી અરવલ્લીના જંગલ વિસ્તારમાં દિપડાએ ધામા નાખી દેતાં જંગલમાં વિચરણ કરતી નિલગાયો હવે રાત-દિવસ સીમાડામાં ફરતી જોવા મળે છે. સરડોઈના ધારેશ્વર વિસ્તાર તેમજ નજીકના રાજેન્દ્રનગરના ગાઢ જંગલમાં તેમજ રાયગઢ આસપાસના સીમાડાઓમાં રાત્રે એક થી પણ વધુ



જંગલ વિસ્તારમાં જે રીતે એક પછી એક દિપડાના આંટાફેરા વધી ગયા છે તે જોતાં ફરીથી દિપડાની વસતી ગણતરી કરવાની જરૂર ઉભી થઈ છે. જંગલ વિસ્તારમાં દિપડો નિલગાયોનો વધુ શિકાર કરતો હોવાથી રાત પડે દિપડાના ડરથી નિલગાયોનાં ટોળે ટોળાં ખેતરો ભણી દોડતાં હોવાથી ખેડૂતો ચોંકી ઉઠ્યા છે. રાત્રે ખેતરોમાં સિંચાઈનાં પાણી વાળવા માટે જતા અનેક ખેડૂતોએ એક થી પણ વધુ દિપડા નજરે જોયાનું જણાવી રહ્યા છે છતાં વન વિભાગ મગનું નામ મરી પાડવા માટે તૈયાર ન હોવાથી આશ્ચર્ય વધુ ઘેરાયું છે.

જિલ્લાના જંગલ વિસ્તારમાં નિલગાયોની વસતી કુદકે ને ભુસકે વધી રહી છે. ખેતરોમાં ઉભા પાકનું નિલગાયોનાં ટોળાં ભેલાણ કરતાં હોવાથી વખત દિપડાનો પરિવાર ખેડૂતોને નજરે પડ્યો છે અને આ બાબતે વન વિભાગનું ધ્યાન દોરવા છતાં તંત્ર ગંભીર બન્યું નથી છતાં છેલ્લા કેટલાક સમયથી જિલ્લાના જંગલ વિસ્તારમાં રાત્રે દિપડાનો આતંક વધ્યો છે જેના કારણે હવે નિલગાયો પણ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે સચેત થઈ ગયું હોય તેમ જંગલ છોડીને હવે સીમાડાઓમાં ધામા નાખી રહી છે. અગાઉ ખેતરોમાં નિલગાયોનું ભેલાણ થતું હતું. જેમાં જૂજ સંખ્યાની નિલગાયો જંગલ છોડીને ખેતરોમાં પ્રવેશતી હતી પરંતુ હવે દિપડાના આંટાફેરા વધી ગયા છે જેના કારણે નિલગાયોનાં ટોળે ટોળાં જંગલ છોડી સીમાડાઓ ભણી વળ્યાં છે જેથી ખેડૂતો માટે બે તરફી મુશ્કેલી ઉભી થઈ છે.

# ઈડર માર્કેટયાર્ડની ચૂંટણીમાં વિકાસ પેનલના ૩, એક્તા પેનલના ૧ ઉમેદવારનો વિજય

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૩૧

ઈડર માર્કેટયાર્ડની વેપારી વિભાગની રસાકસી ભરી ચૂંટણીમાં ગત રોજ બમ્પર મતદાન પછી રવિવારે મત ગણતરી શરૂ થતાં ઉત્તેજના વ્યાપી હતી. ચૂંટણી જંગમાં વિકાસ પેનલના ૩ અને એક્તા પેનલના ૧ ઉમેદવારનો વિજય થયો હતો.

માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં હવે વેપારી વિભાગમાં રસાકસી ભર્યા જંગ જોવા મળી રહ્યા છે. ઈડર માર્કેટયાર્ડની ચૂંટણી જાહેર થતાં સહકાર, ખેડૂત અને વેપારી વિભાગમાં ઉમેદવારી નોંધાવવા માટે હોડ જામી પરંતુ સહકાર વિભાગમાં બેઠકો સમરસ થયા પછી ખેડૂત વિભાગમાં સહકારી આગેવાનોની સમજૂતી રંગ લાવી હતી. વેપારી વિભાગમાં કોઈ સમજૂતી ન થતાં ૪ બેઠકો માટે રસાકસી ભર્યો જંગ જામ્યો હતો. ઉમેદવારોએ વિજયી બનવા માટે તમામ તાકાત કામે લગાડતાં ચૂંટણી જંગ રસાકસી ભર્યો બન્યો હતો. જંગમાં વિકાસ પેનલ મેદાન મારશે કે એક્તા પેનલ..?? તે અંગે અનેક અટકળો હતી પરંતુ તા.૩૧ જાન્યુઆરીએ મત ગણતરી હાથ ધરાતાં વિકાસ પેનલના ૩ અને એક્તા પેનલના ૧ ઉમેદવારનો વિજય થયો હતો. જ્યારે ૧૧ ઉમેદવારો પૈકી ૩ ઉમેદવારોને માત્ર ૨-૨ મત મળ્યા હતા.

**વેપારી વિભાગમાં અપેક્ષા મુજબનાં પરિણામો**



# અમરગઢમાં બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો, ૩૩ હજારની મત્તા ચોરાઈ

## આંબલિયારા પોલીસની ઠંડી ઉડાડતા તસ્કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડ તાલુકાના અમરગઢના, હાલ ગાંધીનગર રહેતા કોન્ટ્રાક્ટર શંકર ધનજીભાઈ સોલંકીના બંધ મકાનમાં ત્રાટકેલા મકાન આવેલું છે જે બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના, એલ.ઈ.ડી. ટીવી, એલ.સી.ડી., બેટરી તેમજ સી.સી.ટીવી કેમેરાનું



તસ્કરો સોના-ચાંદીના ઘરેણા સહિત રૂ.૩૩ હજારની મત્તા ચોરી જતાં આંબલિયારા પોલીસ દોડતી થઈ છે. તસ્કરોને શોધવા માટે પોલીસે એફ.એસ.એલ.ની મદદ લીધી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર ગાંધીનગર સેક્ટર-૪ માં રહેતા કોન્ટ્રાક્ટરનું બાયડ તાલુકાના અમરગઢમાં ડી.વી.આર. ઉઠાવી ગયા હતા. સોલંકી પરિવાર ઘરે આવ્યો ત્યારે ખબર પડી કે મકાનમાં તસ્કરી થઈ છે જેથી આંબલિયારા પોલીસને જાણ કરતાં પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી. આંબલિયારા પોલીસ દ્વારા માત્ર કાગળ ઉપર નાઈટ પેટ્રોલીંગ બતાવાય છે જેના કારણે તસ્કરોને ગ્રામ્ય વિસ્તારોમાં ફાવતું મળ્યું છે.

# જિલ્લામાં ફાયર સેફ્ટીના નામે તપાસ કર્યા પછી તંત્ર ઘૂંટણીયે

## યોગ્ય વ્યવસ્થાનો દેખાતો અભાવ : મોટાભાગની હોસ્પિટલો પાસે ફાયર સેફ્ટીની સુવિધા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

રાજ્યમાં કોરોનાના દર્દીઓની સારવાર કરતી ખાનગી હોસ્પિટલમાં આગની દુર્ઘટના પછી તંત્રએ તમામ જિલ્લાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ચકાસવા આદેશ આપ્યા હતા. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૯૮ ટકા હોસ્પિટલો પાસે ફાયર સેફ્ટીની સુવિધા નથી. અન્ય એકમો પાસે પણ સુવિધા ન હોવાની વિગતો બહાર આવ્યા પછી તંત્રએ મોટા ઉપાડે નોટિસો ફટકારી સંતોષ માન્યો પરંતુ હવે બધું ભુલાઈ ગયું છે. ફરીથી દુર્ઘટના સર્જાશે ત્યારે તંત્રને ફાયરના સાધનો યાદ આવશે.

ફાયર સેફ્ટીની સુવિધા વગર અનેક એકમો અને હોસ્પિટલો ધમધમી રહી છે. પરંતુ જ્યારે જ્યારે આગ સહિતની દુર્ઘટનાઓ બને ત્યારે માત્ર તપાસના તમાશા ઉભા કરી લોક આક્રોશ શાંત કરી દેવામાં આવે છે. જ્યારે તંત્ર જ ખુદ ભ્રષ્ટાચારી બની ગયું હોવાથી તપાસના નામે અંદરખાને વહેવાર પ્રથાને સ્વીકારી લે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તંત્ર પાસે ફાયર સેફ્ટીની એન.ઓ.સી. આપવાના કોઈ પાવર નથી જેના કારણે ફાયર સેફ્ટી માટે એન.ઓ.સી. મેળવવી હોય તો સ્થાનિક પાલિકા મારફતે પાટનગરમાં દરખાસ્ત મોકલવાની હોય છે પાછલા ૧૦ વર્ષમાં જ ૨૦૦ થી વધુ ફાઈલો ધૂળ ખાઈ રહી છે. સ્થાનિક તંત્રનો સંપર્ક કરતાં જણાવ્યું કે અમને તો કોઈ એકમ દ્વારા ફાયર એન.ઓ.સી. માટે દરખાસ્ત આપવામાં આવે એટલે અવલોકન સાથે પાટનગર મોકલી આપીએ છીએ પરંતુ મોટાભાગની ફાઈલોના આજદિન સુધી કોઈ જવાબ મળ્યા નથી. આશ્ચર્ય વચ્ચે જિલ્લાના ૮ નગરપાલિકા વિસ્તારોમાં માત્ર બે પાલિકા વિસ્તારમાં જ ફાયર ઓફીસરની નિયુક્તિ થયેલી છે.

### બી.યુ. પરમીશન આપવામાં પાલિકાના અખાડા

જિલ્લાની ૮ નગરપાલિકા વિસ્તારોમાં બી.યુ. પરમીશન આપવા માટે જાત જાતના અખાડા થતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં તો પાલિકામાં ભ્રષ્ટ શાસનના કારણે ખુલ્લેઆમ ઉઘરાણાં કરતા હોવાના લોક આક્ષેપ સામાન્ય બન્યા છે. બી.યુ. પરમીશન માટે પણ મોટી રકમ માંગવામાં આવતી હોય છે જેના કારણે માંગ ન સંતોષાતાં પાલિકા દ્વારા મિલ્કત ધારકોને યેનકેન પ્રકારે બી.યુ. પરમીશન આપવામાં અખાડા કરવામાં આવે છે.

# અરવલ્લીમાં ફ્રન્ટલાઈન વર્કરને કોરોના રસી આપવાનું અભિયાન શરૂ

## કલેક્ટર, ડી.ડી.ઓ., પોલીસ વડાએ કોરોનાની રસી લીધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

તા.૩૧ જાન્યુઆરીથી રાજ્યમાં ફ્રન્ટલાઈન વર્કરને કોરોના રસી આપવાનો બીજો તબક્કો શરૂ થયો છે ત્યો



અરવલ્લીમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિકારી વગેરેએ કોરોનાની રસી લીધી હતી. જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે કોરોનાની રસી લીધા પછી રસીની કોઈ આડઅસર નથી અને હું સંપૂર્ણ રીતે તંદુરસ્તી અનુભવું છું. રસીથી ડરવાની કે ગભરાવવાની જરૂર નથી તેમજ રસીકરણ કર્યા પછી પણ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાના નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું.

રાજ્યમાં જાન્યુઆરીના અંતિમ દિવસે પોલીયો રસીકરણની સાથે બે તબક્કાની કોરોના વેક્સિનેશનની શરૂઆત થઈ હતી. પ્રથમ તબક્કામાં કોરોના રસીની અરવલ્લી જિલ્લામાં કોઈ આડઅસર જોવા મળી ન હતી અને હવે બીજો તબક્કો શરૂ થયો છે ત્યારે જિલ્લાના વિકાસની અને કાયદાની દેખરેખ રાખતા અધિકારીઓએ કોરોના વેક્સિનેશનમાં જોડાયા હતા. જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાએ વેક્સિન સુરક્ષિત અને પ્રભાવી છે તેની કોઈ આડઅસર નથી તેમ જણાવી હવે પછી કોરોના વેક્સિનેશન માટેનો ત્રીજો તબક્કો આવે ત્યારે અવશ્ય રસી લેવી જોઈએ તેમ જણાવ્યું હતું. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે ભારત બાયોટેકની રસી લીધી હતી અને રસીની કોઈ આડઅસર ન હોવાથી કોઈએ ભ્રમિત ન થવું જોઈએ તેમ જણાવ્યું હતું.

# બાયડ પાલિકાનો ચૂંટણી જંગ, ખરાખરીના જંગમાં ઉતરવા માટે "ઈતર જ્ઞાતિ" તૈયાર નથી

## ૬૯૪૨ મહિલા મતદારોનો પરિણામમાં નિર્ણાયક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડ પાલિકાનો તા.૨૮ ફેબ્રુઆરીએ ખરાખરીનો જંગ જામવાનો છે ત્યારે ભાજપ-કોંગ્રેસ સહિત અન્ય પક્ષોએ કયા વોર્ડમાં કયા ઉમેદવારોને મેદાનમાં ઉતારવા તેની તમામ તૈયારીઓ કરી છે પરંતુ ખરાખરીના જંગમાં ઉતરવા માટે ઈતર જ્ઞાતિ કેટલાક વોર્ડમાં તૈયાર ન હોવાનું ચિત્ર સામે આવ્યું છે. બાયડ પાલિકા વિસ્તારમાં કેટલી હદે પ્રેશર ટેકનિક ચાલી રહી છે તેનું આ ઉદાહરણ છે. બાયડ પાલિકાના ૧૪,૨૬૩ કુલ મતદારોમાં ૬૯૪૨ મહિલા મતદારો પરિણામમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

બાયડ પાલિકામાં સામાન્ય ચૂંટણી જાહેર થતાં પટેલ સમાજ સિવાયના અન્ય મતદારોએ કંઈપણ જાહેરમાં બોલવાનું બંધ કરી દીધું છે. અત્યાર સુધી સામસામે જંગ લડનારા એક સાથે ચૂંટણી લડશે કે પછી કોઈ નવા રાજકીય સમીકરણો રચાશે..?? તેને લઈને બાયડ પાલિકા વિસ્તારના તમામ ૬ વોર્ડમાં મતદારો માટે અસમંજસની સ્થિતિ છે. બાયડ પાલિકાના મોટાભાગના મતદારોએ કોને મત આપવો તે અત્યારથી નક્કી કરી લીધું છે પરંતુ જાહેરમાં કોઈ હરફ ઉચ્ચારવા માટે તૈયાર નથી પરંતુ આ બધી સ્થિતિમાં ખરાખરીના જંગમાં ઉતરવા માટે ઈતર જ્ઞાતિના ઉમેદવારો તૈયાર ન હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. ચૂંટણી નજીક આવશે તેમ તિવ્ર રાજકીય સ્પર્ધા ઉભી થઈ શકે છે. ભાજપ દ્વારા તમામ વોર્ડમાં જ્ઞાતિગત સમીકરણો સહિત જીતી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો ટંકાર કર્યો છે. તો કોંગ્રેસમાં અદના કોંગ્રેસી આગેવાનો પાસે ટીકીટ વહેંચણીની જવાબદારી રહેશે કે પછી અન્યો પાસે રહેશે..?? તેનું આંકલન શાણા મતદારો ઉમેદવારોના નામ જાહેર થયા પછી કરી શકશે.

### પાલિકામાં ભાજપ-કોંગ્રેસ સિવાય અન્ય પક્ષ મેદાનમાં ઉતરી શકે છે

બાયડ : બાયડ પાલિકામાં જે રીતે ચૂંટણી જંગ જામી રહ્યો છે તે જોતાં ત્રિ-પાંખિયા જંગની સંભાવના છે. ગત સામાન્ય ચૂંટણીમાં ભાજપ-એન.સી.પી. વચ્ચે સીધો મુકાબલો હતો જેમાં ભાજપે બાયડ પાલિકા ઉપર ભગવો લહેરાવ્યો હતો. આ વખતની સામાન્ય ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ ઉપરાંત અપક્ષ કાં તો અન્ય પક્ષ સાથે ત્રિ-પાંખિયો જંગ થવાની પણ સંભાવના છે.

# અરવલ્લી પોલીસ ઉપર હુમલો કરનાર આરોપીને પાસા હેઠળ લાજપોર જેલમાં ધકેલાયો

## અસામાજીક તત્વો સામે જિલ્લા પોલીસ વડાનો ખોફ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

અરવલ્લી જિલ્લામાં બુટલેગરો અને અસામાજીક તત્વો પોલીસ ઉપર હુમલા કરી ખાખી વર્દી ઉપર સવાલ ઉભા કર્યા હતા. ત્યારે નવનિયુક્ત પોલીસ વડા સંજય ખરાતે અસામાજીક તત્વો સામે કડકાઈથી કામ શરૂ કરતાં પોલીસનો નવો જૂસ્સો પ્રજાને જોવા મળ્યો છે. મોડાસા નજીકના ગાજણકંપા પાસે પોલીસે વિદેશી દારૂ ઝડપ્યા પછી આરોપીઓએ પોલીસ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં પોલીસ ઉપર હુમલો કરનાર આરોપી દિપક શિવલાલ ઓડ (રહે.ઓઢવ, અમદાવાદ) સામે પાસા દરખાસ્ત મંજૂર થતાં આરોપીની પાસા હેઠળ અટકાયત કરી સુરતની લાજપોર જેલમાં ધકેલવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લામાં



પોલીસ અને બુટલેગરોની સાંઠગાંઠ જગજાહેર છે. નવનિયુક્ત પોલીસ વડાએ ખાખી વર્દીમાં વ્યાપેલા ભ્રષ્ટાચારના સડાને દૂર કરવા માટે અનેક વહીવટદારોને દૂર કર્યા પછી મોટાપાયે પોલીસ સ્ટેશનોમાં બદલી કરી છે જેના કારણે જિલ્લામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણમાં ઓટ જોવા મળે છે. જિલ્લાના ગાજણકંપા નજીક પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતી કાર સાથે ૪ આરોપીઓની અટકાયત કરી રૂ.૧,૬૮,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તેમજ તેની કાર્યવાહી ચાલતી હતી તે સમય દરમ્યાન આરોપીઓએ પોલીસ ઉપર જીવલેણ હુમલો કરતાં પોલીસ ઉપર માછલાં ધોવાયાં હતાં હુમલાખોર સામે પોલીસે સખ્તાઈથી કાર્યવાહી કરી પાસા દરખાસ્ત જિલ્લા કલેક્ટરને મોકલવામાં આવી હતી અને તે મંજૂર થતાં આરોપીને લાજપોર જેલમાં મોકલવામાં આવ્યો છે.